સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બાસૂંદી-શિખંડ વડે કર્યાં પાપ માફ થઈ ગયા!
નિષ્ણાતના પુરુષાર્થથી પડળ સાફ થઈ ગયાં !
'લાફ' થયાં અડવિતરાં કરૂણાનિધિ - કૃપાથી -
આથમ્યાં અંધારાં, ઉચાટ-ચિંતા, બાફ થઈ ગયાં !
(ડૉ. ચિરાગભાઈ અને ડૉ. શિલ્પાબેનનો ખૂબ આભાર)
(પડદાનું ઓપરેશન સફળ થયું)

સૌની શુભેચ્છા,
અંતરની પ્રાર્થના
થયાં સફળ...
સુજ્ઞ વાચકો,
ભીનાં અંતઃકરણે -
સૌનો આભાર...
(ફોન, રૂબરૂ, એફબી દ્વારા આપેલી હૈયાધારણ બદલ ઋણી છું)

હાઈકુ

ચિંતન

અમૃતં કિરતિ હિમાંશુર્વિષમેવ ફણી સમુદ્રગિરતિ ।
ગુણમેવ વક્તિ સાધુર્દોષમસાધુઃ પ્રકાશયતિ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

ચંદ્ર અમૃત જેવી ચાંદની ચારે બાજુ ફેલાવે છે, સર્પ સર્વત્ર ઝેર ફેલાવે છે. સાધુ પુરુષ ગુણ વિકસાવે છે, પરંતુ દુષ્ટ પુરુષ બધાને દ્વેષ જ જુએ છે.

દુષ્ટ-વ્યક્તિની આંખ અને વિચાર-મન-સ્વભાવ બધું જ 'નકારાત્મક' હોઈ ક્યાંક હકારાત્મક-સારી-સદ્‌ગુણવાળી બાબતો જોઈ - વિચારી શક્તિ નથી એને બધાંમાં વહેંમ-શંકા-દુરાચાર-ખરાબ બાબત જ જોવાની ટેવ પડી ગઈ હોય છે.

નકારાત્મકતાથી દૂર રહેવા સદ્‌વિચાર, સદ્‌વાંચન, સત્સંગમાં રહેવું જરૂરી છે.

સુવિચાર

- જયાં લોકોના અધિકાર પ્રત્યે આદર રખાતો હોય અને પરિણામે જયાં કાયદાઓ ન્યાયી હોય તે ખરો સ્વતંત્ર દેશ - **માઈક રોબિન્સન**
- સુખને માટે સન્યાસ લીધો, પણ ભીખ માગવાનું (દુઃખ) તો રહ્યું જ - **જૂની ગુજરાતી કહેવત**
- સમય આપણને શાણા બનાવે એ પહેલાં આપણે સમયસર શાણા બની જવું જોઈએ - **શેખ સાદી**
- સત્યનો દરેક ભંગ માનવસમાજના આરોગ્યની પીઠમાં ઘા છે - **ઈમર્સન**
- આપણી અને ઈશ્વર વચ્ચે રહેલા તારને આપણા પ્રત્યેક કુકર્મ તોડી રહ્યા છે - **જહોન રસ્કિન**
- નથી એમાં જરાયે નવાઈ પામવા જેવું, કરે છે કામ શ્રદ્ધા પણ દવા જેવું - **સોલિડ મહેતા**
- આજનું ઔષધ : કાળા જાંબુ સાતથી દસ મિનિટ સાદા પાણીમાં ઉકાળી તે પાણી પીવાથી પેટની ગરબડમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પંડિત વિદ્યાસાગરના માતાનું નામ હતું ભગવતી. તેઓ આજુબાજુના કોઈ દુઃખી પડોશીને કાયમ મદદ કરવા તૈયાર રહેતા. ગામ હોય એટલે સારા માણસોની ટીકા કરવા વાળા હોય એવી રીતે તેમના ગામના દુર્જનોએ નક્કી કર્યું કે ભગવતીદેવીને એવો પાઠ ભણાવવો કે લોકોની સેવા કરવાનું ભૂલી જાય. રાત પડતા દુર્જનોએ ભગવતીના આંગણામાં ઝાડપાન ઝાંખરા કાંટા વગેરેનો મોટો ઢગલો કરી દીધો. સવારે ઉઠીને ભગવતી દેવીએ દૃશ્ય જોયું. જરા પણ ક્રોધ કર્યા વગર ઘરનું આંગણું ચોખ્ખું કર્યું અને ઝાંખરા વગેરે ગામની બહાર મૂકી આવ્યા. દુર્જનોએ આ દૃશ્ય જોયું. એમણે બીજે દિવસે ફરી નવો કચરાનો ઢગલો ભગવતીના આંગણામાં કર્યો. ભગવતી દેવીએ જરાય ક્રોધ દાખ્યા વગર એ પણ સાફ કરી નાખ્યું. બાળ ઈશ્વરચંદ્રએ આ દૃશ્ય જોઈને પૂછ્યું, 'મા, તમે આ બધું ક્યાં સુધી કર્યા કરીશ? જો તમે કહો તો હું પોલીસમાં ફરિયાદ કરું ?' માતા ભગવતીએ કહ્યું, 'ના, બેટા. એવું ન કરતો, એક દિવસ એવો આવશે કે આ લોકોના હૈયામાંથી દુર્જનતા દૂર થઈ જશે. ભગવાન એમને સદ્‌બુદ્ધિ આપે તેવી આપણે પ્રાર્થના કરીશું.' એવું જ બન્યું કે ભગવતી દેવી ને ત્રાસ આપવાનું કરવાવાળા દુર્જનો થાક્યા અને એમની મધૂર વાણી અને વર્તન જોઈને સાચી પરિસ્થિતિનું ભાન થયું. તેમનું હૃદય પરિવર્તન થયું. એમણે ભગવતી દેવીની ક્ષમા માંગી અને એમનાં પરોપકાર તથા સેવાના કાર્યમાં તેઓ પણ હોંશભેર જોડાઈ ગયા.

'ગેસ ચેમ્બર' જેવા ખાળકૂવાને અટકાવીએ

તંત્રીસ્થાનેથી...

સુપ્રીમ કોર્ટ કયારેય સરકારના એવા કાન આમળે છે કે એની સામે ઊંહકારું સુધ્ધાં કરવાનો અવકાશ નથી રહેતો. માથે મેલું ઉપાડતા સફાઈ કામદારો એક સ્વતંત્ર લોકશાહી રાષ્ટ્ર માટે કલંકકથાનાં દુખિયારા પાત્રો જેવા જ લાગે. લગભગ રોજના હિસાબે ગટર સાફ કરવા ખાળકૂવામાં ઊતરેલા લાચાર સફાઈ કામદારનું ગૂંગણામણથી મોત થયાના સમાચાર ચમકતા રહે છે. સુવિધા ભોગવતા ભદ્ર સમાજની સેવામાં પેઢીઓ ખપી ખૂટતો રહેતો સફાઈ કામદાર સમાજ હજી એ જ જૂના, બાપીકા ધંધા સાથે જોડાયેલો રહ્યો છે. ગંદકી સાફ કરતાં કહેવાતા ભદ્ર સમાજને નાનમ લાગે છે, એ કામ એણે આ પછાત સમાજ માટે અનામત રાખી મૂક્યું છે એટલે ગમે તેટલી નાણાભીડ અનુભવતો હોવા છતાં કહેવાતા ઉજળિયાત વર્ણનો માનવી સંડાસ સાફ કરવાનું કામ કપાદિ નહીં સ્વીકારે. આ માનસિકતા આપણા દેશ પૂરતી જ મર્યાદિત છે. વિદેશમાં એ જ ઉજળિયાત વર્ણનો માણસ સંડાસ સાફ કરવાની ડ્યૂટી હોંશે હોંશે બજાવે છે, કારણ કે ત્યાં એને પેલી 'સામાજિક હીણપત' રહેતી નથી. ત્યાં તો ફક્ત કલાક પર ડૉલર કમાઈ લેવાની જ વૃત્તિ રહે છે. ભારતમાં ખાળકૂવા સાફ કરવા ગટરનાં ઢાંકણાં ખોલીને અંદર ઊતરતા વાલ્મીકિ સમાજના સફાઈ કામદારોને રક્ષણ વ્યવસ્થા, ઓક્સિજન વગેરે અપાતાં હોય તો આ ખાળખૂવા 'ગેસ ચેમ્બર' ન બની જાય. સુપ્રીમ કોર્ટે આ જ મુદ્દે સરકારને આકરી ટીકા કરી છે. માનવીના જીવનથી વધુ મૂલ્યવાન બીજું હોઈ જ શું શકે ? જિંદગી જોખમમાં મુકાય એવું કામ કરવું પડે તે એકવીસમી સદીના માનવીની મસમોટી વિડંબના જ ગણાય. 'ગેસ ચેમ્બર' જેવા ઘૃણાસ્પદ શબ્દ વાપરીને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સરકારના કામ આમળી રહ્યા છે. સમાજમાં હજી સુધી વર્ણભેદ અને વર્ગભેદ યથાવત્ છે. સિત્તેર વર્ષથી વધુ સમય થઈ ગયા છતાં ભારતમાંથી અસ્પૃશ્યતા સર્દતર દૂર થઈ નથી તે હકીકત છે. પરંપરાથી ચાલી આવતી કાર્યવ્યવસ્થા યથાવત જ રહી છે. અને કહેવાતાં હલકાં કામ કહેવાતી હલકી જાતિના જ લોકો કરતા રહ્યા છે. એમાં પણ સુવિધાના નવા આયામો સરજાતાં ખાળખૂવા અને ગટરોમાં ઊતરવાનું કામ બિચારા વાલ્મીકિ સમાજમા સફાઈ કામદારોના જ ભાગે આવે છે. એ પાંચપચ્ચીસ રૂપિયાની લાલચથી પ્રેરાઈને અથવા પરંપરાગત હીન ભાવનાને કારણે ઉચ્ચવર્ણના લોકોનો આદેશ માનીને પોતાનો જીવ જોખમમાં મૂકવા તૈયાર થાય છે. ત્યારે એના સુરક્ષાકવચની જવાબદારી એને ગટરમાં ઊતરવા મજબૂર કરનરા ઘરમાલિકોની - હોટલ માલિકોની ગણાય. એ મુદ્દે તદ્દન નફકરા રહેતા આવા માલિકોને સુપ્રીમ કોર્ટે જબરી લપડાક લગાવી છે. 'ગેસ ચેમ્બર' એ હિટલરે નાઝી સેના દ્વારા યહૂદી પ્રજાને ગૂંગળાવીને મારી નાખવા માટે અપનાવેલી ક્રૂર વ્યવસ્થાનું નામ છે.

સોળ સદી પહેલાનું ભારત

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

'વિષ્ણુપુરાણ' (ઈ. ૪૦૦-૫૦૦)માં મુનિઓનો સંવાદ છે - પરાશર અને મૈત્રેય. મૈત્રેયની જિજ્ઞાસા સંતોષવા, પરાશર ભૂલોકનું વિવરણ કરે છે :

(૧) આ વસુંધરા સપ્તદ્વીપા છે, સાત દ્વીપો છે. દરેકના ફરતો સમુદ્ર છે; એથી દ્વીપ છે : જમ્બુ, પ્લક્ષ, શાલ્મલ, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર.

(૨) આ ટાપુ ઉપર જાંબુનાં વૃક્ષો વધુ પ્રમાણમાં છે. એટલે એનું નામ જંબુદ્વીપ છે. એના રાજા અગ્નિધ્ર હતા. એને નવા પુત્રો હતા. આ દ્વીપને છે. એના રાજા અગ્નિધ્ર હતા. એને નવ પુત્રો હતા. આ દ્વીપને નવભાગમાં વહેંચીને પુત્રોને આપી દીધો. આમાંથી નાભિદેવને ભાગે હિમવર્ષ આવ્યો - હિમવાન પર્વતવાળો પ્રદેશ.

(૩) આ હિમવાન પર્વત ૨૦૦૦ યોજન ઊંચો છે અને એટલો જ પળોદો છે. આ પર્વતની દક્ષિણનો અને સમુદ્રથી ઉત્તરનો પ્રદેશ હિમવર્ષ છે. નાભિદેવના પૌત્ર અને ઋષભદેવના પુત્ર રાજર્ષિ ભરત હતા. એમણે ધર્મ અને નીતિને અનુસરીને લોકોની અદ્‌ભૂત લોકચાહના મેળવી, એટલે એનાં નામને આધારે હિમવર્ષનું નામ ભારતવર્ષ થઈ ગયું.

(૪) ભારતવર્ષનો વિસ્તાર ૯૦૦૦ યોજન છે. આ વિસ્તાર ઉત્તરથી દક્ષિણ સુધીનો છે.

(૫) ભારત વર્ષ નવ ભાગોમાં વહેંચાયેલો છે - ઈન્દ્રદ્વીપ, કસેરુમાન, તામ્રવર્ણ, ગભસ્તિમાન, નાગદ્વીપ, સૌમ્ય, ગંધર્વ, વારુણ અને સમુદ્રદ્વીપ. આમો ક્રમશ છે.

(૬) ભારત વર્ષમાં પૂર્વ દિશામાં કિરાત લોકો રહે છે અને પશ્ચિમમાં યવનો રહે છે. મધ્યભાગમાં ચારેય વર્ણની પ્રજા રહે છે - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.

(૭) અહીં સાત પર્વતો છે - મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પારિપાત્ર.

(૮) આ પર્વતોમાંથી નદીઓની નીકળે છે - શતદ્રુપા, ચંદ્રભાગા, વેદ, સ્મૃતિ, નર્મદા, સરસા, તાપી, પયોષ્ણી, નિર્વિંધ્યા, ગોદાવરી, ભીમરથી, કૃષ્ણવેદી, કૃતમાલા, તામ્રવર્ણી, ત્રિમાસા, આર્યકુલ્યા, ઋષિકુલ્યા, કુમારી વગેરે.

(૯) આ નદીઓને કિનારે ગણરાજયો વસેલા છે. કુરુ, પાંચાલ, પુણ્ડ્ર, કલિંગ, મગધ, સૌરાષ્ટ્ર, આભીર, માલવ, સૈંધવ, સૌવીર, પારસિક વગેરે...

(૧૦) ભારતવર્ષ સમગ્ર જંબુદ્વીપમાં શ્રેષ્ઠ છે અને વિશિષ્ટ છે, કારણ કે -

- આ પ્રદેશમાં જ કાલગણના ચાર યુગોમાં વિભાજિત છે : સત્ય, ત્રેતા, દ્વાપર, કલિ.
- ભગવાન વિષ્ણુ યુગપુરુષ છે. યજ્ઞદ્વારા લોકો એનું પૂજન કરે છે.
- બીજી બધી તો ભોગભૂમિઓ છે. માત્ર ભારતવર્ષ જ કર્મભૂમિ છે. કોઈ પણ મનુષ્ય સત્કર્મો કરીને સ્વર્ગ મેળવી શકે છે. જો પાપકર્મ કરે તો જ નરકનો પામે.
- અનેક જન્મો સુધી પુણ્યો સંચિત કર્યા હોય અને સદ્‌ભાગ્ય ખૂલે તો આ પ્રદેશમાં જન્મ મળે છે.
- આ પ્રદેશનો વૈભવ અપાર છે. અહીં જન્મ લેનારો મનુષ્ય દેવતાઓની પણ વધુ ભાગ્યશાળી મનાય છે.
- દેવતાઓ પણ અહીંનો વૈભવ જોઈને, ઈર્ષા કરે છે. આથી તેઓનો પણ સંકલ્પ હોય છે - પોતે પણ એવી રીતે પુણ્યોનો સંચય કરે કે તેમને પણ ભારતવર્ષમાં જન્મ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય.

લગભગ ૧૬૦૦ વર્ષ પહેલાનાં 'વિષ્ણુપુરાણ' માંથી ભારતવર્ષનું આ વિવરણ પ્રાપ્ત થાય છે. એ અનેક રીતે વિચારવાનો પાત્ર છે.

પુષ્યભૂતિ વંશનો સર્વાધિક પ્રતાપી રાજા કોણ હતો ?

ખજાનો
અનિલ પટેલ

ભારતનો ઈતિહાસ

૧ ચંદ્રગુપ્ત મૌર્યે કયા ગ્રીક શાસકને હરાવ્યો હતો ?
(અ) સેલ્યુકસ નિકેટર (બ) મેગસ્થનીઝ
(ક) મિનાન્ડર (ડ) નેપોલિયન

૨ કલિંગનું યુદ્ધ કઈ સાલમાં થયું હતું ?
(અ) ઈ.સ. પૂર્વે ૨૧૦ (બ) ઈ.સ. પૂર્વે ૨૬૧
(ક) ઈ.સ. પૂર્વે ૩૨૬ (ડ) ઈ.સ. પૂર્વે ૩૩૭

૩ પુષ્યભૂતિ વંશનો સર્વાધિક પ્રતાપી રાજા કોણ હતો ?
(અ) સિમુકે (બ) સમુદ્રગુપ્ત
(ક) પુલકેનિષ (ડ) હર્ષવર્ધન

૪ ચંદેલ વંશની રાજધાની કઈ હતી ?
(અ) ગ્વાલિયર (બ) ભોજપુરી
(ક) ખજુરાહો (ડ) ઈંદોર

૫ ચંદબરદાઈ કયા રાજાનો રાજકવિ હતો ?
(અ) પૃથ્વીરાજ ચૌહાણ (ત્રીજો) (બ) યશોવર્ધન
(ક) રાજાભોજ (ડ) ભીમદેવ

૬ ભારતમાં મુસ્લિમ શાસનનો પાયો કોણે નાખ્યો ?
(અ) બાબરે (બ) મહંમદ ઘોરીએ
(ક) મહંમદ તઘળખ (ડ) મહેમૂદ ગઝની

૭ મહંમદ ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણનું યુદ્ધ કયાં થયું હતું ?
(અ) કુરુક્ષેત્રમાં (બ) મેવાડમાં
(ક) પાણીપતમાં (ડ) તરાઈમાં

૮ ચંદ્રેલ વંશનો સૌથી યશસ્વી રાજા કોણ હતો ?
(અ) હર્ષવર્ધન (બ) ધર્મપાલ
(ક) યશોવર્ધન (ડ) મહેન્દ્ર વર્મન

૯ ખિલજી વંશની સ્થાપના કોણે કરી હતી ?
(અ) અલ્લાઉદ્દીન ખીલજી (બ) જલ્લાલુદ્દીન ખીલજી
(ક) ઉમર ખીલજી (ડ) ગ્યાસુદ્દીન ખીલજી

૧૦ અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ મલિક કાફરનું ઉપનામ શું હતું ?
(અ) હજાર દિનારી (બ) સો દિનારી
(ક) લક્ષ દિનારી (ડ) આલમ દિનારી

૧૧ અલાઈ દરવાજાનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(અ) જલ્લાલુદ્દીન ખીલજીએ (બ) ગ્યાસુદ્દીન તઘલખે
(ક) મહોમદ બીન તઘલખે (ડ) અલ્લાઉદ્દીન ખીલજીએ

૧૨ લોદીવંશના સ્થાપક કોણ હતા ?
(અ) સિકંદર લોદી (બ) મહોમદ લોદી
(ક) ઈબ્રાહીમ લોદી (ડ) બલલોલ લોદી

૧૩ ઈ.સ. ૧૫૨૬માં પાણીપતનું પ્રથમ યુદ્ધ ઈબ્રાહીમ લોદી અને કોના વચ્ચે થયું હતું ?
(અ) બાબર (બ) હુમાયુ
(ક) કૃષ્ણદેવરાય (ડ) રાજા માનસિંહજી

૧૪ કયા મુઘલ બાદશાહે પોતાનું સામ્રાજય ભાઈઓ વચ્ચે વહેંચ્યું હતું ?
(અ) શાહજહાં (બ) હૂમાયું
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

૧૫ શેરશાહ સુરીનું બચપનનું નામ શું હતું ?
(અ) આરીફ (બ) યુસુફ
(ક) ફરીદ (ડ) ગુસ્તુફા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૨૦ સપ્ટેમ્બર :**
  - ૧૯૪૨ની આઝાદીની ચળવળના ગુજરાતના પ્રથમ શહિદ કિનારીવાલાનો જન્મદિવસ (૧૯૨૪)
  - સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકરનો જન્મદિવસ (૧૯૦૯)
  - સુલતાન ફિરોઝશાહ ત્રીજાનું નિધન (૧૩૮૮)
  - અસ્પૃશ્યતાના વિરોધમાં ગાંધીજીએ ઉપવાસ કર્યા (૧૯૩૨)
- **૨૧ સપ્ટેમ્બર :**
  - ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયેલા એવા લોકસેવક નેતા ઉછંગરાય ઢેબરનો જન્મદિવસ (૧૯૦૫)
  - સાયન્સ ફિકશનના લેખક એચ.જી. વેલ્સનો જન્મદિવસ (૧૮૬૬)
  - છોટુભાઈ સુથારની જન્મજયંતિ (૧૯૧૧)
  - બોલીવુડના બેડમેન ગુલશન ગ્રોવરનો જન્મદિવસ (૧૯૫૫)
- **૨૨ સપ્ટેમ્બર :**
  - આધુનિક મનોવિજ્ઞાનશાસ્ત્રના આધ્યાસ્થાપક સિંગમડ ફ્રોઈડનું નિધન (૧૯૩૯)
  - સિક્કીમ ભારતીય રાજયના પાંચમા મુખ્યમંત્રી પવનકુમારનો જન્મદિવસ (૧૯૫૦)
  - શીખોના પ્રથમ ગુરુ નાનકદેવનું કરતારપુરનાં અવસાન (૧૫૩૯)
  - જાણીતા વૈજ્ઞાનિક માઈકલ ફેરાડેની જન્મજયંતિ (૧૭૯૧)
- **૨૩ સપ્ટેમ્બર :**
  - ક્રાંતિવીર દેશભક્ત કનૈયાલાલ દત્તનું નિધન (૧૯૦૮)
  - મરાઠી રંગભૂમિના ઘડવૈયા મામા વેરસ્કરનું નિધન (૧૯૬૪)
  - રામધારી સિંહ 'દિનકર' ની જન્મજયંતિ (૧૯૦૮)
  - મશહૂર જાદુગર કે.લાલ (કાન્તિલાલ વોરા) ની પુણ્યતિથિ (૨૦૧૨)
- **૨૪ સપ્ટેમ્બર : વિશ્વ બાળકી દિન**
  - વિશ્વના અણુસત્તાના છ દેશોની કક્ષામાં ભારતને યશ અપાવનાર ડૉ. રાજા રમન્નાનું નિધન (૨૦૦૪)
  - ગુજરાતના ઈતિહાસમાં - સંશોધન યશસ્વી પ્રદાન કરનાર રત્નમણી રાવ ભીમરાવ જોટેનું નિધન (૧૯૪૩)
  - યશોધર નર્મદાશંકર મહેતાની જન્મજયંતિ (૧૯૦૯)
  - ભીખાજી કામાની જન્મજયંતિ (૧૮૬૧)
- **૨૫ સપ્ટેમ્બર : વિશ્વ નૌકા દિવસ**
  - અમેરિકામાં પ્રથમ પ્રિન્ટિંગ પ્રેસની શરુાત (૧૬૩૯)
  - પંડિત દિનદયાલનો જન્મદિવસ (૧૮૮૨)
  - ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની જન્મજયંતિ (૧૮૨૦)
  - કથાકાર મોરારિ બાપુનો જન્મદિવસ (૧૯૪૬)
- **૨૬ સપ્ટેમ્બર : વિશ્વ બધીર દિવસ**
  - ભારતના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો જન્મદિવસ (૧૯૩૨)
  - સંગીતકાર હેમંતકુમારનું નિધન (૧૯૮૯)
  - સદાબહાર અભિનેતા દેવાનંદનો જન્મદિવસ (૧૯૨૩)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ચંદ્રયાન-૨ પ્રોજેક્ટમાં કઈ બે મહિલા વૈજ્ઞાનિકોની મહત્ત્વની ભૂમિકા રહી હતી?
જવાબ : (૧) રિતુ ખરીધાલ (૨) મૂથૈયા વનિતા

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ (૪) રૂચિત પટેલ : ગાયત્રી રેસીડેન્સી, રાંદેસણ (૫) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૬) શિવાંગ બી. પટેલ : સરગાસણ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

કર્ણાટક રાજયના હાલના મુખ્યમંત્રીનું નામ શું છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

'ફેશનના ફાળકાનો નિત નવો ફાલ' : ઘરમાં 'ખાવા' કરતાં 'ધોવા'ની ચીજો વધુ આવે છે !!

હળવે હૈયે
પ્રકાશ લાલા

પ્રશ્નો... મૂંઝવણ... મૂંઝવણ... પ્રશ્નો...

જીવન એટલે જ પ્રશ્નો સામે પડકાર, સમસ્યાઓ સામે સંઘર્ષ, મૂંઝવણો સાથેનો મુકાબલો !! રોજબરોજના જીવનમાં ક્યારેક પ્રશ્ન - મૂંઝવણ એકલાં આવે છે તો ક્યારેક વણઝારરૂપે. એક દિવસ સવારના પોરમાં કપડાં ધોવા વોશિંગ મશીન ચાલુ કરવા જઈએ તો ખબર પડે કે એ રિસાઈને બેઠું છે! એનો ઈલાજ કરાવીએ ત્યાં બીજા દિવસે લાઈટને લેવા આવ્યું હોય કે પછી નળ ટપકવા માંડ્યો હોય... ત્રીજા દિવસે પછી આપણી કે ઘરના કોઈ સભ્યની તબિયતમાં 'પંકચર' પડ્યું હોય... કે પછી લેન્ડલાઈન 'ફોન' ચૂપ થઈ ગયો હોય... ઈલેકટ્રિશિયનને, પ્લમ્બરને ને બીએસએનએલના લાઈનમેનને પકડવામાં અને ડૉકટર પાસે જવામાં રૂટિન ખોરંભે ચઢે... આમ પ્રશ્નો... પ્રશ્નો ને મૂંઝવણો... મૂંઝવણો... નહીં તો બીજું શું ?

આમ તો મોટિવેશનલ સ્પીરકર્સ એમનાં લેકટર્સમાં આપણને દરેક પરિસ્થિતિમાં હસતા રહેવાનું ને પ્રસન્નતા જાળવવાનું, મગજ ઉપર બરફ રાખી, વિપરિત પરિસ્થિતિમાંય સમતોલન નહીં ખોવાની, 'સોનેરી' સલાહ આપતા હોય છે... હા, એ લેકચર્સમાં બેઠાઈ હોઈએ ત્યારે, એમની ચબરાકી ભરી, રમૂજો ને રસપ્રદ દૃષ્ટાંતો સભર વાતો વાંચી સાંભળી મલકી ઉઠીએ છીએ, તાળીઓ પાડીએ છીએ ને સદૈવ 'પ્રસન્નતા પર્વ' ઉજવતા રહેવાનું નક્કી કરી લેતા હોઈએ છીએ, પણ જેવો રોજિંદી જિંદગીમાં ઉપર કહ્યો તેવો એકાદો પ્રશ્ન આવ્યો નથી ને બધું ભૂલી જઈને આકળવિકળ થઈ ઊઠીએ છીએ એ વાસ્તવિકતા છે... ક્યારેક પ્રશ્ન થાય છે કે પેલા 'મોટિવેશનલ માસ્ટર્સ' એમના જીવનમાં પ્રશ્ન આવી પડે ત્યારે એને હસી કાઢી શકતા હશે. કે આપણી જેમ અકળાઈ ઊઠતા હશે ? ભાઈ, પ્રોફેશન અને નક્કર વાસ્તવિકતા જુદી વાત છે !!

આજે અચાનક મૂંઝવણ વિશે વિચાર આવવાનું કારણ છે 'ડી માર્ટ' માંથી આવેલું ખરીદીનું બીલ... આજકાલ ઘરમાં આવતી વસ્તુઓનું બીલ જોતાં આંખો ઊડીને અંદારાં લાવી દે ને માથે ચઢીને તમ્મર લાવી દે એવી એક વાત એ છે કે ખાવાપીવાની (હં.. હં.. આ તો બે શબ્દ સાથે જ બોલાય છે એટલે લખાઈ ગયું, બાકી અને ચુસ્ત ગાંધીવાદી અને ગુજરાતમાં કાગળ ઉપર કડક દારૂબંધી છે એટલે 'પીવાની' વસ્તુ વાંચી કોઈ જ ગેરસમજ ન કરવી હોં!) વસ્તુઓ ઉપરનો સંખ્યા ઓછી અને તેની વસ્તુઓની ખર્ચ ઓછો ને 'ધોવાની' વસ્તુઓની સંખ્યા તથા તેની પાછળનો ખર્ચ વધુ હોય છે...

તમે પણ નોંધ્યું જ હશે કે દર મહિને પહેલીથી દસમી તારીખમાં નજીકના - કાયમી કરિયાણા વાળાને ત્યાંથી કે હવે ડી-માર્ટ - રિલાયન્સ જેવા 'મોલ'માંથી કરાતી ખરીદીની યાદીમાં 'ધોવાની' કહેતાં શરીર ધોવાના એટલે કે ન્હાવાના સાબુ (બાથિંગ સોપ્સ), કપડાં ધોવાના સાબુ, પાવડર, વોશિંગ મશીન માટેનું સ્પેશિયલ લિકવિડ, હેન્ડ વોશ લિક્વિડ, ઘરની ફર્સ સાફ - ચમકતી - જંતુ રહિત કરવા માટેનું પાણીમાં નાંખવાનું ડિટરજન્ટ લિકવિડ, એમાંય પાછું બાથરૂમના ટાઈલ્સ માટેનું જુદું ને ટોઈલેટનાં ટાઈલ્સ માટેનું અલગ લિકવિડ, અરે, ટોઈલેટના કોમોડ સાફ કરવા માટેનું પાછું ટી.વી. એડમાં કોઈ એકટરે બતાવ્યું હોય તેવું ખાસમખાસ લિકવિડ, વાસણ માટે 'બર્તન બાર' ને ચીકાશ દૂર કરવાનું ખાસ લિકવિટ, કાચનાં વાસણોને કબાટના ગ્લાસ સાફ કરવા જુદું લિકવિડ... આમ યાદી લંબાતી જાય છે...

અરે હજી, મોઢું રૂપાળું રાખવાના 'ફેશવૉશ' ને ક્રિમ - લોશન્સ,દાંત સફાઈ માટેની ટૂથપેસ્ટ, માથું-વાળ ધોવા માટેનું શેમ્પૂ, કંડીશનર્સ, એમ 'ધોવાની' ચીજોની વધતી જતી યાદી પાછળ મોટું 'બજેટ' ખર્ચી કાઢતાં કાઢતાં ખુદની 'ધોલાઈ' થઈ ગયાનો અનુભવ કરીએ છીએને ?

શરીર, વાસણો, કપડાં, વાળ, ચહેરો - બધું પહેલાં ય હતું પણ ત્યારે આટલી બધી અલગ અલગ ચીજોની જરૂર કયાં પડતી હતી ? માથાના વાળ અરીઠાથી ધોવાતા, વાસણો માટીને રખિયા - રાખથી ઉટકાતા. ન્હાવા માટે એકાદ ને કપડાં ધોવા પણ એકાદ બ્રાન્ડનો સાબુ બહુ થઈ પડતાં... જયારે આજે તો આ ચીજો બનાવતી કંપનીઓ વધી છે - વધતી જાય છે - ઉત્પાદન વધમાં છે ને એમની પાછળ આજના લોકો ટી.વી. - મેગેઝિન્સમાં એની માર્કેટિંગ જાહેરાતો જોઈને ઘેલાં બન્યાં છે.

રૂપકડાં - કલરફુલ - ચમકીલાં રેપરમાં, ડબ્બામાં - બોટલ્સમાં 'પેક' આ 'ધોવાની' ઢગલાબંધ આઈટેમ્સ મૂંઝવી નાંખે છે કે કઈ 'બ્રાન્ડ' માટે જવું? પણ શું થાય ? જમાના સાથે - સમય સાથે ચાલવું જ નહીં, ક્યારેક દોડવું પડે છે... નહીં તો ક્યાંક 'આઉટ ડેટેડ' કે 'દેશી' ગણાઈ જવાય તો?

અમારે માટે મોટી મૂંઝવણ સમાન શ્રીમાન લાલાકાકાએ અમારી આ મૂંઝવણ વિશે જાણીને કહ્યું : 'ઘણા ફેમિલીમાં દર મહિને પીવાની ચીજો અને ખરીદીને ફ્રીજમાં રખાય છે!'

'હેં ?' અમે સાંભળીને ચમક્યા...

'હાર્ડ ડ્રિંક્સ નહીં, યાર... સોફ્ટ ડ્રિંક્સ - જ્યૂસ, કોલ્ડ ડ્રિંક્સનાં ટીન્સ એવું એવું પીવાનું લોકો ખરીદતા જ હોય છે ને...'

રેડ અંકલે એમના કથન વિશે ફોડ પાડ્યો ને પછી ઉમેર્યું : 'ભાઈ ખાવાની ઝાઝી વસ્તુઓ ઘરમાં ભરવાની જરૂર જ કયાંથી રહે? કેમ કે હવે તો દર રવિવારે બહાર જમવાની 'ફેશન' છે એટલે ઘરમાં એટલી વસ્તુઓ ઓછી જ લાવવી પડે ને !'

'હેં ? હા....' અમે બોલી ઊઠ્યા અને 'ફેશન' વિશેનું જૂની રંગભૂમિના નાટકમાં સાંભળેલું આ ગીત યાદ આવી ગયું :

'ફેશનના ફાળકાનો, નિત નવો ફાલ... દુનિયા આખીને આજ, કરતો બેહાલ...'